**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**બ્લોક નં. ૫, સાતમો માળ, સચિવાલય,**
**ગાંધીનગર -૩૮૨૦૧૦.**

ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૭/૧૪૧૧/ક.

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
(૩) શાસનાધિકારીશ્રી, તમામ.

**વિષય :** બિનતાલીમી શિક્ષકોએ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં તાલીમ મેળવી લેવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિનિયમ,૨૦૦૯ ની કલમ ૨૩(૨) હેઠળ કરવામાં આવેલી જોગવાઇ મુજબ નિયત કરવામાં આવેલી શૈક્ષણિક લાયકાત જે શિક્ષકો ધરાવતા નથી, તેવા બિન તાલીમી શિક્ષકોએ કાયદો અમલમાં આવે ત્યારથી પાંચ વર્ષમાં નિયત કરવામાં આવેલી તાલીમ મેળવી લેવાની રહેતી હતી. આ બાબતે માનવ સંસાધન વિકાસ મંત્રાલયના (MHRD) તા.૦૩/૦૮/૨૦૧૭ ના અ.સ.પત્ર ક્ર:- ૧૭-૨/૨૦૧૭-EE.17 થી જણાવવામાં આવેલ છે કે સદરહુ કલમ : ૨૩(૨) માં સુધારો કરવામાં આવેલ છે જે મુજબ હાલમાં ફરજ બજાવી રહેલ બિન-તાલીમી શિક્ષકોએ તાલીમ મેળવી લેવાની સમય મર્યાદા લંબાવવામાં આવી છે અને હવે તેઓએ <u>તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં</u> નિયત તાલીમ મેળવી લેવાની જોગવાઇ કરવામાં આવી છે. લઘુત્તમ શૈક્ષણિક લાયકાત મેળવવા માટે બિન-તાલીમી શિક્ષકો માટે આ અંતિમ તક આપવામાં આવે છે. જો આવા શિક્ષકો તાલીમ લેવામાં નિષ્ફળ જશે તો તેઓની નોકરી ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે નહીં તેમજ તા.૦૧/૦૪/૨૦૧૯ પછી તેમને તેમની નોકરીમાંથી બરતરફ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨. હાલમાં જે બિન-તાલીમી શિક્ષકો ફરજ બજાવી રહેલ છે તેઓએ નિયત કરાયેલી લઘુત્તમ લાયકાત મેળવવાની તાલીમ સંબંધે નીચે મુજબના પગલાં લેવાનું પણ માનવ સંસાધન વિકાસ મંત્રાલય(MHRD) દ્વારા સુચવવામાં આવેલ છે.

(i) બિન-તાલીમી શિક્ષકો લંબાવવામાં આવેલી મુદ્દત એટલે કે તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં નિયત કરાયેલી લઘુત્તમ લાયકાત National Institute of Open Schooling (NIOS) મારફત મેળવી લે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(ii) હલમાં ફરજ બજાવતા હોય તેવા તમામ બિન-તાલીમી શિક્ષકોએ NIOS ના Open and Distance Learning (ODL) મારફત D.El.Ed. ની લાયકાત મેળવી લેવાનું ફરજીયાત છે.

(iii) લઘુત્તમ લાયકાત મેળવી લેવાની સમય મર્યાદા લંબાવવામાં આવી છે તે અંગે બહોળી પ્રસિદ્ધિ આપવાની રહેશે. આ માટે આપના કાર્યક્ષેત્ર નીચેની સરકારી શાળાઓ, ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓ તેમજ ખાનગી શાળાઓના આચાર્યો/સત્તામંડળોના સંપર્કમાં રહીને કાર્યવાહી કરવાની રહેશે.

(iv) બિન-તાલીમી શિક્ષકોને પણ આ અંગે જાણકારી આપવાની રહેશે અને જો તેઓ લંબાવેલી મુદ્દત એટલે કે તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં લઘુત્તમ લાયકાત મેળવવામાં નિષ્ફળ જશે તો તેમને નોકરીમાંથી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તે બાબત અંગે પણ બહોળી પ્રસિદ્ધિ આપવાની રહેશે.

(v) બિન-તાલીમી શિક્ષકો અંગેનો Data base ઓનલાઇન તૈયાર કરવા માટે NIOS નું પોર્ટલ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(vi) ખાનગી શાળાઓમાં નોકરી કરતા બિન-તાલીમી શિક્ષકોએ જે તે શાળામાં પોતે નોકરી કરે છે તે મતલબનું તેમના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર મેળવીને સરકારને રજૂ કરવાનું રહેશે.

(vii) બિન-તાલીમી શિક્ષકોના રજીસ્ટ્રેશન **<u>તા.૧૬/૦૮/૨૦૧૭ થી તા.૧૫/૦૯/૨૦૧૭ સુધીમાં</u>** આચાર્ય/રાજ્ય કક્ષાના કો-ઓર્ડીનેટર મારફત NIOS પોર્ટલ પર કરી દેવાના રહેશે. તા.૧૫/૦૯/૨૦૧૭ સુધીમાં બિન-તાલીમી શિક્ષકોના રજીસ્ટ્રેશન કરાવવામાં નિષ્ફળ જશે તેમને નોકરીમાંથી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(viii) D.El.Ed. માં પ્રવેશ મેળવવા માટેની શૈક્ષણિક લાયકાત એટલે કે ધોરણ-૧૨ માં ૫૦% મેળવેલ ન હોય તેવા બિન-તાલીમી શિક્ષકોએ NIOS મારફત ધોરણ-૧૨ ની પરીક્ષા ફરીથી આપવાની રહેશે અને ૫૦% સાથે ધોરણ-૧૨ પાસ કરવાનું રહેશે. જોકે તેમને D.El.Ed. માં કામચલાઉ ધોરણે એ શરતે પ્રવેશ આપવામાં આવશે કે D.El.Ed. નો અભ્યાસ પુર્ણ કરે તે અગાઉ તેઓએ ૫૦% મેળવીને ધોરણ-૧૨ પાસ કરવાનું રહેશે. ૫૦% મેળવીને ધોરણ-૧૨ પાસ કરેલ હશે માત્ર તેવા બિન-તાલીમી શિક્ષકોને જ D.El.Ed. નું પ્રમાણપત્ર આપવામાં આવશે.

(ix) બિન-તાલીમી શિક્ષકો NIOS દ્વારા તૈયાર કરાયેલ SWAYAM ઓનલાઇન પોર્ટલ પરથી નિઃશુલ્ક માહિતી મેળવી શકશે. D.El.Ed. માટે આવશ્યક છે તેવી રૂબરૂ મુલાકાતો (Physical Contact Programme) અંગેના કાર્યક્રમ માટે NIOS અલગ રીતે વ્યવસ્થા કરશે.

(x) જો ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં બિનતાલીમી શિક્ષકો હોય તો તેઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અથવા ઈંદીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સીટીમાંથી બી.એડ. નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

૩. ઉક્ત વિગતે દર્શાવેલ સમયમર્યાદા બાદ કોઇપણ શાળા કોઇપણ બિનતાલીમી શિક્ષકને પોતાની સંસ્થામાં ચાલુ રાખી શકશે નહીં અને જો તેમ કરવામાં આવશે તો આર.ટી.ઇ.એક્ટ-૨૦૦૯ ની કલમ-૨૩ નો ભંગ ગણી સંબંધિત સંસ્થા સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. આમ, આ અંગેની જાણ આપના તાબા હેઠળની તમામ સરકારી/ગ્રાન્ટેડ/સ્વ-નિર્ભર શાળાઓને કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(વિ.ટી.મંડોરા)

<u>નકલ રવાના ફોલોઅપ અને જરૂરી કાર્યવાહી સારૂ:</u>

૧. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત સરકાર, ગાંધીનગર.
૨. નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગુજરાત સરકાર, ગાંધીનગર.
૩. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૪. કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ક્રમાંક/અ-૨/પ્રાશિ/૨૦૧૭-૧૮/૭૫૦૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
[illegible], કારેલીબાગ
વડોદરા તા.૪/૦૯/૨૦૧૭

નકલ રવાના જાણ તેમજ અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી વતી
વડોદરા જિલ્લો-વડોદરા.